RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૭૪ તા.૨૧–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ – ચીફ ફાયર ઓફિસર અને તત્કાલીનજાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ)
ઈ.ચા ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા. ૨૪–૧૧–૧૧ની અરજીથી સુ.મ.ન.પા.ના ઈ.ચા. ચીફ ફાયર ઓફિસરએ એફ.ઈ.એ. સ.આ.નં.૫૭૮ તા. ૬–૬–૧૧ના પત્રમાં જણાવેલ કે ચાંદી ગીલીટ અને જરી ગીલીટના એકમોમાં જવલનશીલ પદાર્થનો વપરાશ કરતા હોઈ જે સંદર્ભે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગમાંથી પરવાના આપવામાં આવતા નથી તેમજ પરવાના રીન્યુ કરવામાં આવતા નથી તેવું જણાવવામાં આવેલ તો તે સરકારી કયા ધારા–ધોરણો તેમજ કયા નિતી–નિયમોને આધીન તેમજ કયા સરકારી ઠરાવોના પરીપત્ર મુજબ તેમજ સેન્ટ્રલ એકટના કયા કાયદા મુજબ તેમજ લોકલ એકટના કયા કાયદા મુજબ અને ગેજેટના કયા(સરકારી) કયા કાયદાઓ મુજબ જરી ગીલીટના એકમોમાં જવલનશીલ પદાર્થોના પરવાના આપવામાં આવતા નથી તેમજ રીન્યુ કરવામાં ન આવ્યા તેની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા. ૨૧–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૭૪/૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન. દેસાઈની તા. ૨૪–૧૧–૧૧ની અરજીથી સુ.મ.ન.પા.ના ઈ.ચા. ચીફ ફાયર ઓફિસરએ એફ.ઈ.એ.સ. આ.નં.૫૭૮ તા. ૬–૬–૧૧ના પત્રમાં જણાવેલ કે ચાંદી ગીલીટ અને જરી ગીલીટના એકમોમાં જવલનશીલ પદાર્થનો વપરાશ કરતા હોઈ જે સંદર્ભે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ વિભાગમાંથી પરવાના આપવામાં આવતા નથી તેમજ પરવાના રીન્યુ કરવામાં આવતા નથી તેવું જણાવવામાં આવેલ તો તે સરકારી કયા ધારા–ધોરણો તેમજ કયા નિતી–નિયમોને આધીન તેમજ કયા સરકારી ઠરાવોના પરીપત્ર મુજબ તેમજ સેન્ટ્રલ એકટના કયા કાયદા મુજબ તેમજ લોકલ એકટના કયા કાયદા મુજબ અને ગેજેટના કયા(સરકારી) કયા કાયદાઓ મુજબ જરી ગીલીટના એકમોમાં જવલનશીલ પદાર્થોના પરવાના આપવામાં આવતા નથી તેમજ રીન્યુ કરવામાં ન આવ્યા તેની સંપૂર્ણ માહિતી આપવા બાબતે ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(ફાયર વિભાગ)ના પત્ર નં.એફ.ઈ.એસ./જાવક નં.૪૦૨૮ તા. ૨૨–૧૨–૧૧થી ખોટી, અધુરી અને ગેરમાર્ગે દોરનાર માહિતી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો જોગવાઈ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૨૫ તા.૧–૨–૧૨ થી ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ) , ઈ.ચા ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને કાયદા–નિયમની વૈધાનિક જોગવાઈ તથા ખાતાકીય પ્રક્રિયા અનુસાર તેમાં ફાયર ખાતાની ભૂમિકા અંગે પ્રકાશ પાડવા જાહેર માહિતી અધિકારી(હેલ્થ)ને ખાસ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/આઅ/પીઆઈ/૪૧૧ તા.૮–૨–૧૨ થી પૂરક વિગતનો પત્ર મળેલ છે. જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી પત્ર નં.એફઈએસ/આ.નં.૪૫૦૨ તા.૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એફઈએસ/આ.નં.૪૦૨૮ તા.૨૨–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૮–૨–૧૨ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૪–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામા ં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૧૫૮૧ તા.૨૫–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં ચીફ ફાયર ઓફિસર અને આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ચીફ ફાયર ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એફઈએસ/આ.નં.૪૦૨૮ તા.૨૨–૧૨–૧૧ થી માંગવામાં આવેલી માહિતી સંદર્ભે બીપીએમસી એકટ –૧૯૪૯ ની કલમ–૩૭૬ ની જોગવાઈ હેઠળ તેમજ માન. આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) સુમપાના પત્ર નં.પીએચડી/આઈ/૧૪૧ તા.૨૮–૭–૧૧ મુજબ જવલનશીલ, અત્યંત જવલનશીલ તથા વિસ્ફોટક પદાર્થના વપરાશ, સંગ્રહ અને વેચાણ અર્થે અરજદારોને આરોગ્ય વિભાગ ધ્વારા પરવાના આપવામા આવે છે તે સમયે જાહેર સલામતી હેતુસર ફાયર એન્ડ ઈમરજન્સી ડીપાર્ટમેન્ટમાં અરજી કરી ફાયર સેફટીના સાધનો રાખવા અંગેનો અભિપ્રાય મેળવી લેવા જણાવવામાં આવે છે અને તે અભિપ્રાયમાં જણાવેલ

શરતોનું પાલન કરવાની શરતે અરજદારને પરવાના આપવામાં આવે છે તે જ પ્રમાણે રીન્યુઅલના સમયે પણ આ કાર્યવાહી કરવાની રહે છે. તેવી માહિતી આપવામાં આવેલ. જે અંગે અરજદારે આપેલી માહિતી અધૂરી અને ખોટી છે અને કયા કાયદા હેઠળ જવલનશીલ પદાર્થોના પરવાના આપવામાં આવે છે તેવી માંગણી કરેલ. જે માહિતી અધિકારી તરફથી આપવામા આવેલ નથી તેવું જણાવી તા.૨૧–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને બંને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમાં અરજદારે તેમની તા.૮–૨–૧૨ ના પત્રથી નિતિનિયમ તથા એકટની કોઈ જાણકારી આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી ફાયર તરફથી અરજદારને આપેલ માહિતીમાં બીપીએમસીએકટ–૧૯૪૯ થી કલમ–૩૭૬ ની જોગવાઈઓ હેઠળ આરોગ્ય વિભાગ ધ્વારા તેવા પરવાના આપવામાં આવે છે તેમજ ફાયર વિભાગ ધ્વારા ફાયર સેફટીના સાધનો રાખવા અંગેનો અભિપ્રાય મેળવી લેવાનું અને અભિપ્રાયમાં જણાવેલ શરતોનું પાલન કરવાની શરતે પરવાના આપવામાં આવે છ તેમજ તે પ્રમાણે રીન્યુઅલ સમયે પણ કાર્યવાહી કરવાની રહે છે તેવું જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પૂરક વિગતોમાં જે જરી ગીલીટના જવલનશીલ પદાર્થના વપરાશ કરવામાં આવે છે તે એકમોને આવા કામકાજ ચલાવવા અંગે ધીબીપીએમસી એકટ–૧૯૪૯ હેઠળ આરોગ્ય વિભાગ તરફથી કોઈ લાયસન્સ આપવામાં આવતું નથી. પરંતુ આ કામકાજ માટે ઉપયોગમાં જો જવલનશીલ પદાર્થનો વપરાશ અર્થે સંગ્રહ કરવામાં આવેલ હોય તો તે માટે ધીબીપીએમસીએકટ–૧૯૪૯ ની કલમ–૩૭૬ હેઠળ અને મ્યુ. રૂલ્સના રૂલ–૨૨૫ મુજબ આરોગ્ય વિભાગ તરફથી લાયસન્સ આપાવામાં આવે છે. આવા પ્રકારના લાયસન્સ ઈસ્યુ કરતાં પૂર્વે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસ વિભાગમાંથી જરૂરી અભિપ્રાયનો રીપોર્ટ મંગાવવામાં આવે છે અને તેમાં જણાવેલ સલામતી સાધનો અને સગવડો ઉપલબ્ધ રાખવાની શરતે જે તે એકમોને જવલનશીલ પદાર્થના ધંધાકીય વપરાશ અર્થે સંગ્રહ માટેનું લાયસન્સ આપવામાં આવે છે. આવા લાયસન્સ રીન્યુ કરવાના પ્રસંગે જે તે સમયે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીસ વિભાગમાંથી જરૂરી અભિપ્રાયનો રીપોર્ટ ફરીથી મંગાવવામાં આવે છે. તેવું જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી અરજી તબદીલી થયા છતાં પણ તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી. તેથી તેવી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૧–૧–૧૨ ધ્યાને લેતાં ૧૯–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૫–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૪–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પૂરક વિગતોમાં જણાવેલ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ચીફ ફાયર ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ફાયર વિભાગ) , ઈ.ચા ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીનજાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ